Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 133, March, 2024
Paper ID: RRJ835472
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-133-march-2024/RRJ835472

# ભારતીયતાનું દર્શન કરાવતી કૃતિ : ઇચ્છાવર

**ડૉ.ક્રિષ્નાબેન કે. શાંડપા**
ડી.એન.પી આર્ટ્સ & કોમર્સ કૉલેજ, ડીસા

ભારતીય સાહિત્યમાં પ્રશિષ્ટતાના દર્શન થાય છે. ભારતીય સાહિત્યમાં સંસ્કૃતિદર્શન અને માનવદર્શન મુખ્ય રહ્યું છે. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં ભારતની સંસ્કૃતિને આગવું સ્થાન ધરાવે છે. ભારત, ભારતીય અને ભારતીયતા ત્રણ શબ્દનું ઘણું મહત્વ રહેલું છે. ભારત દેશ, ભારતીય નાગરિક અને ભારતીયતા એટલે માનવ જીવનમાં જોવા મળતા રીતરિવાજોસાંપ્રદાયિકતા, ધર્મ, પૂજા-પાઠ, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, સત્ય-અસત્ય, બ્રહ્મચર્ય, બોલી-ભાષા તેમજ સંસ્કૃતિનો સમાવેશ થાય છે. આપણે સૌ સાથે રહીને આગળ વધીએ તે ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવે છે. આધુનિક યુગમાં આજે પણ ગીતા અને રામાયણ વાંચવાથી બાળકના ચિત્તમાં પ્રસન્નતા અને સમસ્યાના સમાધાન જોવા મળે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર તત્વો ભારતીય મૂલ્ય છે.

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરીનો જન્મ ૦૫/૧૨/૧૯૩૮ ગુજરાતના ગાંધીનગર જિલ્લાના બાપુપુરા ગામે થયો હતો. લોકાયતસૂરી અને વૈશાખાનંદન ઉપનામધારી રઘુવીર ચૌધરી પાસેથી નવલકથા, નવલિકા, કવિતા, નાટક, એકાંકી, વિવેચન, પ્રવાસવર્ણન, સંપાદન, અને રેખાચિત્રો, મળે છે. તેમની નવલકથામાં ‘પૂર્વરાગ’, ‘અમૃતા’, ‘પરસ્પર’, ‘ઉપરવાસ’, ‘અંતરવાસ’, ‘પ્રેમઅંશ’, અને ‘ઈચ્છાવર’,…. વગેરેનો સમાવેશ થાય છે.

ઇચ્છાવર કૃતિ કુલ ૧૮ પ્રકરણમાં વિભાજિત થયેલી રચના છે.આકૃતિમાં માનપુર, વડસર અને સારંગમાં વસતો ગ્રામ્યસમાજ છે. પાત્રોની વિભાવનામાંથી પણ ગામડાનું એક ચિત્ર મળી રહે એમ છે; એક બાજુ રામાભાઇ, રઈમા અને તીકમ છે. બીજી બાજુ નાનુભાઈઅને પશાભાઈ છે. સાત્વિકતા અને પ્રપંચ બંનેનો પરિચય એ રીતે મળે છે. આમાં મંગળ, બાબુ અને ફૂલીકાકી જુદા પડે છે. મંગળ શહેરના અનુભવ સાથે ગામડામાં આવે છે અને ગામડાને શહેરથી બચાવીને સમયની સાથે રાખે છે બાબુ શહેરમાં જઈને ગામડાનું સત્ત્વખુએ છે.ફુલેકાકી ગ્રામ્ય સમાજમાં જોવા મળે એવું વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવતું પાત્ર છે. પૂનમના દીકરા વીકાનુ પાત્ર પણ વિશિષ્ટ છે. એનો અસંતોષ, છૂપો રોષ, સતત અન્યાય સામે વિદ્રોહનો ધૂંધવાટ,ઝઝૂમતા રહેવાની મથામણ આ બધામાં વિક્ષુબ્ધ કરી નાખનારું એક બળ છે. જોકે અંતે તો એને પણ વિદ્રોહની જરૂર ન રહે એવી શમની સ્થિતિ જ ભારતીયતાના દર્શન કરાવે છે.

કથાનાયક મંગળના લગ્ન કમુ સાથે થાય છે. મનમેળ ન થતા સમાજની રીતે બંનેના છૂટાછેડા થાય છે. કમુના પિતા કેશવ નામના વિધુર સાથે કમુનું નક્કી કરવાનું કહે છે. ત્યારે કેશવના મનમાં ચારિત્ર વિશે શંકાજન્મેછે. આ વાત મંગળના પિતા રામામુખી અને મંગળને જાણવા મળે છે ત્યારે

તેઓ કેશવના ગામમાં મંગળની ફોઈ રહે છે. તેને ત્યાં મળવા જાય છે. કેશવપણ અનાયાસે ત્યાં આવી ચડે છે. વાતમાંથી વાત નીકળે છે.''રામાભાઇએ વેવાઈની ખાનદાની વખાણી ;અમે ખાધા ખરચીઆપવા રાજી હતા; પણ એમણે એક રાતી પાઇ પણ લેવાની ના પાડી. સંબંધ તૂટવા બાબતે ભાગ્યનો વાંક કાઢ્યો. મંગળ ધીરે રહીને પૂરતી કરી વાંકકાચી ઉંમરનો.લાડકોડમાં ઉછેરવાના કારણે કોઈકનો સ્વભાવ એવો થઈ જાય; પણ જો એના શીલની અને સ્વમાનની હું કદર કરી શક્યો હોત તો ગેરસમજ ઊભી ન થાત.'' (ઇચ્છાવર પૃ.નં-૪૭-૪૮)

કથાનાયક મંગળમાં માનવતાના ગુણો ખીલી ઉઠે છે. હંમેશા પરોપકારની ભાવના રાખનાર મંગળમાં ભારતીય સમાજનું પ્રતિબિંબ જીલાય છે.''વૈશાખ વદનોમનો દિવસ પ્રમાણમાં સારો.''(ઇચ્છાવર પૃ.નં-૪૭-૪૮) શુભ કાર્ય માટે મુરત અને તિથિ જોવાનો ખાસ રિવાજ આપણા સમાજની આગવી ઓળખ છે. અહીં કમુના બીજા વર સાથે વરાવવા માટે ગોર મહારાજને બોલાવવામાં આવે છે. અને દક્ષિણા પણ આપવામાં આવે છે.

પૂનમને માનપુર તેના પિયર જવાની ઈચ્છા થાય છે. ત્યારે પૂનમનો પતિ બાબુ અને દીકરો વીકો પણ જવાની ઈચ્છા દર્શાવે છે "વિકાને જોઈને તીકમ ઉભો થઈ ગયોભાઈને જોઈને પૂનમ ખીલી ઉઠી. એણે પળવારમાં નક્કી કરી દીધું: આવા મહેમાન હોય ત્યારે કોણ મજૂરીએ જાય ! ભલેને વેળા પડે ; પણ પૂનમ એમ ભાઈભાભીનેખોટ આવવા દે? તીકમને બદલે પોતે જશે પાલી સાથે"(ઇચ્છાવર પૃ.નં. ૫૮)

અતિથિ દેવો ભવની ભાવનાના દર્શન એ આપણા ભારતીયતાની આગવી ઓળખ છે. મામા અને ભાણેજના, ભાઈ-બહેનના, પતિ અને પત્ની વગેરેના સંબંધોની પવિત્રતા આપણા દેશની અને ભારતીય સમાજની આગવી ઓળખ ઉભી કરે છે.છૂટાછેડા થયાં પછી કૉલેજના ત્રીજા વર્ષમાં કમુ પ્રથમ ક્રમાંક સાથે ઉત્તિર્ણ થાય છે.મંગળ તેને શુભેચ્છા પાઠવવા જાય છે. ત્યારે મંગળ કમુને કહે છે''બાપાને ગીતાના વચનમાં પૂરી શ્રદ્ધા છે" (ઇચ્છાવર પૃ.નં. ૭૫)ગીતાના ઉલ્લેખ દ્વારા શ્રેષ્ઠ કર્મ કરવાનો ઉલ્લેખ કરી ભારતીય ધર્મને ઉજાગર કરવાની ભાવના વ્યક્ત થતી જોઈ શકાય છે. કર્મની મહાનતાનો ધ્વનિ પ્રગટ થતો જોઈ શકાય છે.

શુભેચ્છા આપવા ગયેલ કથનાયક ધનિક ઉચ્ચકુટુંબમાં ઉછરેલ કમુના ઘરે ચા પીવાની અનિચ્છા દર્શાવે છે કારણ કે મંગળએ એક ભેદભાવનુંદ્રશ્ય જોયું અને ચાપીવાની ઈચ્છા મૃત- પાઇ બની ગઈ. મંગળ વડસરમાં ચમારવાસમાં રહેતી પૂનમના ઘરે જઈ ચા પીવાનું પસંદ કરે છે.પૂનમને ઘરે જાણે ભગવાન પધાર્યા હોય તેવી અનુભૂતિ થાય છે." મંગળએ દલુની રાહ ન જોઈ ને પૂનમને ત્યાં જઈ, માગીને ચા પીધી. એ જાણીને બધાં નારાજ થઈ ગયા હતાં. કમુમંગળનો બચાવ કરી શકી ન હતી.ઊંચનીચનો ભેદ ન હોવો જોઈએ એવું પોતેય માને છે; પણ બધા સુધારા કંઈ રાતોરાત થઈ જતા નથી. નાતજાત આખી દુનિયામાં છે. ગોરા-કાળાના કજિયા યુરોપ અને અમેરિકામાં પણ ક્યાં

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 133, March, 2024
Paper ID: RRJ835472
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-133-march-2024/RRJ835472

નથી ?'' (ઇચ્છાવર પૃ.નં. ૮૧)અહીં કથાનક મંગળ ભેદભાવ ,નાતજાત,ઊંચ-નીચઅને જ્ઞાતિના સીમાળાઓળંગીને સમાનતા,વિશ્વબંધુતા અને ઉદારતા દાખવી ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કરે છે.

મંદિરમાં બાપજી ચતુર ગોસાઈએ દીપાજીને પત્ની તરીકે અંગીકાર કર્યા તે માટે મહોત્સવમાં આખા ગામ માટે જમણવાર રાખ્યો હતો. મામાના ઘરે આવેલ વીકો, પૂનમ અને બાબુ પણ જમવા જાય છે. હરિજન લોકોને બધા જમી લે પછી મંદિરની બહારજમવા બેસાડે છે ત્યારે '' વીકાની થાળીમાં મીઠાઈ પીરસાઈ એમાં ભેગો એંઠવાડ જોઈને એ થાળીને લાત મારીને, માબાપનેમામાને ઘેર રાહ જોતા મૂકીને ઉપડી ગયેલો સીમાડા બાજુ ! ''(ઇચ્છાવર પૃ.નં. ૮૮)

'' સીમાડા બાજુ ગયેલા વીકાને એમ કે મંગળભાઈ ખેતરમાં હશે ! પણ રામાભાઇને એકલા જમતા જોઈને એ છીંડાં પાસે ઉભો રહી ગયો. કૂતરાએ એમનું ધ્યાન ખેંચ્યું. ''(ઇચ્છાવર પૃ.નં. ૮૮) અહી ભારતીય સંસ્કૃતિનું દર્શન થતું જોવા મળે છે બત્રીસવાના મળ્યા હતા પણ માનપૂર્વક જમવાનું ન મળતા વિકો ઉભો થઈને જતો રહે છે. જ્યારે રામામુખીએપ્રેમથી આપેલ બાજરીનું બટકું પણ ખૂબ મીઠું લાગે છે. ભારતીય સંસ્કૃતિ પ્રેમ અને ભાવની સંસ્કૃતિ છે . જેનું દર્શન રામામુખીકરાવે છે.

કમુ અભ્યાસ બાદ નોકરીની શોધમાં હોય છે. એક જગ્યાએ ઇન્ટરવ્યું આપવા જાય છે.અનાયાસે ઇન્ટરવ્યૂ લેનાર મંગળ બેઠેલો છે. કમુને રોકવાકહ્યું હતું. એથી એ ઓર્ડર મળવાની આશા રાખીને બેઠી હતી.''એને અંદર બોલાવ્યા પછી મંગળે જ વાત કરવી પડી. બધા ઉમેદવારોમાં સૌથી યોગ્ય તમે છો પણ હું જાણું છું કે તમે કોઈક બીજી વ્યક્તિના લાભમાં આવી નોકરી જતી કરી શકો એમ છો. પેલી વણકર યુવતી વિશે જાણતા જ કમુએ રાજીખુશીથી કહી દીધું : ભલે, મને વાંધો નથી. એને નોકરી આપો. મને તો એમ કે-''(ઇચ્છાવર પૃ.નં. ૯૩-૯૪)કમુની ઉદારતા જોઈ મંગળના જીવનમાં આનંદ વ્યાપી ગયો. કમુ અન્યનો ચૂલો સળગી રહે માટે પોતાની નોકરી જતી કરી. પરોપકારની ભાવના વ્યક્ત કરે છે. જરૂરિયાત મંદને નોકરી આપી ઉદારતા દાખવી ભારતીયતાનેઉજાગર કરે છે.

ચતુર ગોસાઈનું માયારુપી મંદિર ધ્વંસ થતાતે જગ્યા પર ટેકરો થઈ ગયો છે.તીકમ રોજ ત્યાં જઈ ભજન લલકારે છે. મંગળ અને સુરેશની ઈચ્છા ખીજડીયાવાસમાં બેઠક જમાવવાની હતી ; પણ તીકમ વીકાને મંદિરની માટીના ટેકરે ગાતા જોઈને એમને ઓચ્છવ કરવાની ઈચ્છા થઈ. ગામનાં રહેતા દરેક માણસ નાત-જાત અને છુઆછૂતભૂલી ભક્તિના તાલે જોડાય છે. અહીં વેર-ઝેર, સુખ-દુ:ખ, ગમો-અણગમો, રાગ-દ્વેષ,ઈર્ષા- અસૂયા વગેરે ભૂલી બધા જ ભક્તિમાં જોડાઈને ભારતીયતાનું એક તત્વ સર્વધર્મ સમભાવ જોવા મળે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર ભારતીય મૂલ્યને ઉજાગર કરતી નવલકથા એટલે ઈચ્છાવર. પાત્રોની આધ્યાત્મિકતા એક સૂક્ષ્મ પરિબળ તરીકે આવે છે. આ વલણ વસ્તુસંયોજનમાં એ રીતે વણાઈ ગયું છે કે તેના નીજત્વને પામવા માટે વાચક પાસે સૂક્ષ્મ દૃષ્ટિ હોવી ઘટે.

***સંદર્ભ સૂચી***

૧. ઇચ્છાવર, લે. રઘુવીર ચૌધરી ત્રીજી આવૃત્તિ :૨૦૧૮
૨. ભારતીય સંસ્કૃતિની ઝળક, લે. પ્રવિણચંદ્ર પરીખ આવૃત્તિ : ૧૯૮૧
3. ભારતીય સમાજ, લે. શ્યામાચરણ દુબે અનુ. હર્ષિદા સમુ પંડિત પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫
૪. ભારતીયતા, લે. સુનીલ જાદવ,પ્રથમ આવૃત્તિ : ૨૦૦૯
૫. ભારતીય નવલકથા પરંપરા અને ગ્રામકેન્દ્રી નવલકથા, લે. ભોળાભાઈ પટેલ પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫
૬. ભારતીય સંસ્કૃતિ આજના સંદર્ભમાં, લે. રઘુવીર ચૌધરી, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪